**આંક ૫ અને આંક ૧૮ ની અરજીઓ લગત સંયુકત હુકમ :-**

૧. આ કામે વાદીઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન અને કાયમી મનાઇહુકમ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે અને દાવાના અનુસંધાને સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ અન્વયે પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે આંક ૫ થી હાલની અરજી કરેલ છે.

૨. આ કામે દાવા અને હાલની મનાઇ અરજીનો સમન્સ અને નોટીસની પ્રતિવાદીઓને ધોરણસરની બજવણી થતા પ્રતિવાદીઓએ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઇ આંક ૧૨ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ અને ત્યારબાદ પ્રતિવાદીઓએ સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૮ રૂલ ૬ અન્વયે વાદીઓ વિરુધ્ધ કાઉન્ટર દાવો રજુ કરેલ છે અને પોતાના પ્રતિદાવાના અનુસંધાને પ્રતિવાદીઓએ પણ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે આંક ૧૮ થી અરજી કરેલ છે .

૩. વાદીઓની હાલની આંક ૫ ની મનાઇ અરજી, દાવા અરજી તથા રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. પ્રતિવાદીઓ તરફે હાલના દાવાના વિરુધ્ધમાં રજુ કરેલ આંક ૧૨ નો લેખીત જવાબ તથા પ્રતિવાદીઓના આંક ૧૫ ના પ્રતિદાવાની હકીકતો તેમજ વાદીઓએ આંક ૨૧ થી રજુ કરેલ પ્રતિદાવાનો લેખીત જવાબ તેમ જ પ્રતિવાદીઓ તરફે વાદીના લેખીત જવાબ ની આંક ૨૩ થી રજુ થયેલ કાઉન્ટર એફીડેવીટ અને પ્રતિવાદીઓની હાલની આંક ૧૮ ની મનાઇ અરજી તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. હાલની બંને અરજીઓ વાદીઓ તથા પ્રતિવાદીઓએ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને સદર બંને અરજીઓ નીચે સંયુકત હુકમ કરતા હોઇ, સદર બંને અરજીઓની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

૪. આ કામે પ્રતિવાદીઓએ વાદીઓના દાવાની વિરુધ્ધમાં આંક ૧૨ થી દાવા અરજી અને વચગાળાની મનાઇ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે, જેમાં પ્રતિવાદીઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, આ દાવાના પક્ષકારો તે સ્વ. હુરાજી ભાથીજી બામણીયાના વારસદારો છે અને તેઓના વડવા સ્વ. હુરાજી ભાથીજીના પ્રથમ લગ્ન વજીબેન સાથે થયેલ અને લગ્ન પછી વજીબેન

થકી સંતાનો ન થતાં વાદીઓના દાદી ગલીબેનને સ્વ. હુરાજી બામણીયા બીજી પત્ની તરીકે લાવેલ અને સદર ગલીબેનના અગાઉ ગામ કોઠી, તા. માલપુર મુકામે વાઘાજી ખાંટ સાથે લગ્ન થયેલ અને વાઘાજી સાથેના લગ્નજીવનથી ગલીબેને વાદીઓના વડવા દાનાજી ખાંટને જન્મ આપેલ અને તેઓના જન્મ પછી વાઘાજી ખાંટનું અવસાન થતાં ગલીબેન વિધવા થયેલ અને ત્યારબાદ તેઓના વડવા સ્વ. હુરાજીના બીજી પત્ની તરીકે લાવેલ અને તે વખતે ગલીબેન તેમના પ્રથમ લગ્નજીવનથી જન્મેલ દાનાજી ખાંટને સાથે લઇને આવેલ અને સ્વ. હુરાજી બામણીયાએ ગલીબેનને તેમના અગાઉના લગ્નથી થયેલ પુત્ર દાનાજી સાથે સ્વીકારેલ હોવાનું જણાવેલ છે.

૪.૧ વધુમાં પ્રતિવાદીઓએ જણાવેલ છે કે ત્યારબાદ તેમના વડવા સ્વ. હુરાજીના પ્રથમ પત્ની વજીબેને ત્રણ પુત્રો ને જન્મ આપેલ જેમાં પ્રતિવાદી નં.૧ ના પિતા સ્વ. મોતીજી હુરાજી અને પ્રતિવાદી નં.૨ ફતાજી હુરાજી અને પ્રતિવાદી નં.૩ માલાજી હુરાજી છે અને તે રીતે પક્ષકારો એક જ વડવાના સંતાનો હોવાનું જણાવેલ છે. વધુમાં વર્ષો પુર્વે તેમના વડવા સ્વ. હુરાજી ભાથીજી દાવાવાળી જમીન ખેડી ઉપજ લેતા અને ત્યારબાદ તેઓએ તેમની હયાતીમાં તેમના ચાર પુત્રો વચ્ચે દાવાવાળી જમીન સરખે ભાગે વહેંચી આપવા તજવીજ કરતાં સ્વ. હુરાજી ભાથીજીના બીજા પત્ની ગલીબેને વાંધો લીધેલ અને દાવાવાળી જમીનના બે સરખા ભાગ પાડી અડધો ભાગ ગલીબેનને અગાઉના પતિ સ્વ. વાઘાજી ખાંટ થકી જન્મેલ દિકરા દાનાજી (વાદીઓના દાદા) ને આપવા અને બાકીનો અડધો ભાગ અગાઉની પત્ની વજીબેનના ત્રણ દિકરાઓને આપવા જણાવેલ. પ્રતિવાદીઓએ વધુમાં જણાવેલ છે કે કાયદેસર રીતે વાદીઓના વડવા દાનાજી ને સ્વ. હુરાજી ભાથીજી ની કોઇપણ નિલકતમાં ભાગ માંગવાનો કે ભાગ લેવાનો કોઇ હકક ન હોવાની અને સ્વ. હુરાજી ભાથીજી ની તમામ મિલકતના ચાર સરખા હિસ્સા કરાવવા પ્રતિવાદીઓ અલગથી દાવો કરવાના છે તેમ જણાવેલ છે. વધુમાં પ્રતિવાદીઓએ જણાવેલ છે કે તેમના વડવા સ્વ. હુરાજીએ તે સમયે મજબુરીથી દાવાવાળી જમીનના બે સરખા હિસ્સા કરી દાવાવાળી જમીન પૈકીની પુર્વ તરફની જમીન વાદીઓના દાદા દાનાજીના હીસ્સામાં સ્થળે આપેલ અને પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા અને પ્રતિવાદી નં.૨ અને ૩ ને સ્થળે આપેલ, પરંતુ પક્ષકારોના વડવાઓ સંયુકત કુટુંબમાં રહેતા હોઇ વાદીઓના દાદા દાનાજી મોટા હોવાના કારણે સંયુકત કુટુંબનો વહીવટ કરતા હોઇ દાનાજી પછી તેમના મોટા

દિકરા કલાજીએ સંયુકત કુટુંબનો વહીવટ સંભાળેલ અને સરકારશ્રીએ ખેતીની જમીનો જુના કબજેદારોને કબજાના આધારે જમીન માલીકી હકકે ખાતે કરી આપવાનો નિર્ણય કરતા તેમના સંયુકત કુટુંબનો વહીવટ કરતા કલાજીને દાવાવાળી સરવે નં.૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરાવેલ પરંતુ હકકીકતમાં દાવાવાળી જમીન પક્ષકારોના ભાગમાં આવ્યા મુજબ સ્થળે પક્ષકારો ખેડતા અને સદર જમીન નવી શરતે મળેલ હોઇ જુની શરતની થયેલ નહી ત્યાં સુધી પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ નહી અને જુની શરતની થયા પછી વાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ થી ૩ તથા વાદીઓના કાકાના દિકરા મંગાજી નાનાજી અને દાલાજી ભેમાજીના નામો સંયુકત હિસ્સેદાર તરીકે સરવે નં.૨૫૮ (જુનો સરવે નં.૨૦૯) વાળી જમીનમાં દાખલ કરવા તેમની સહીથી મામલતદારશ્રી, મોડાસાનાઓને અરજી આપેલ અને તે આધારે નોંધ નં.૯૩૩ તારીખ ૨૬.૪.2010 ના રોજ વાદીઓની સંમતીથી પાડવામાં આવેલ જેની વિરુધ્ધમાં વાદીઓ કે તેમના કુટુંબના કોઇ સભ્યોએ કે કોઇએ પણ વાંધો લીધેલ ન હોવાનું પરંતુ રેવન્યુ અધિકારીએ કોઇ અગમ્ય કારણોસેર તે નોંધ એકતરફી રીતે નામંજુર કરેલ હોવાનું જણાવેલ છે.

૪.૨ વધુમાં પ્રતિવાદીઓએ તેમના લેખીત જવાબમાં જણાવેલ છે કે દાવાવાળી જમીન સરવે નં.૨૫૮ (જુનો સરવે નં.૨૦૯) વાળી જમીનના વચ્ચેના ઉત્તર દક્ષીણ શેઢા થી પુર્વ તરફની જમીન વાદીઓ અને તેમના કાકાના દિકરાઓની છે અને સદર શેઢા થી પશ્ચિમ તરફની જમીન પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓની છે અને તે હીસ્સાઓ મુજબ દાવાવાળી જમીન બંને પક્ષકારો ખેડી વાવી ઉપજ મેળવે છે અને છેલ્લા ૩૦ વર્ષ કરતા વધુ સમયનું દાવાવાળી જમીનનું પાણીપત્રક વાદીના વડવા અને પ્રતિવાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.૨ અને ૩ ના નામનું થયેલ પરંતુ દાવાવાળી જમીન વારસાઇથી વાદીઓના નામે થયેલ હોઇ રેવન્યુ રેકર્ડનો ગેરલાભ ઉઠાવી વાદીઓ પ્રતિવાદીઓની પશ્ચિમ તરફની માલીકી કબજા ભોગવટાની જમીનનો કબજો કાયદો હાથમાં લઇ પડાવી તજવીજ કરી રહેલ છે અને તેના ભાગરુપે હાલનો દાવો કરેલ હોવાનું જણાવી વાદીઓનો કોઇ પ્રથમ દર્શનીય કેસ ન હોવાની અને સગવડતા અગવડતાનું પાસું પણ વાદીના લાભમાં નહી પરંતુ પ્રતિવાદીઓના લાભમાં હોઇ જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો વાદીઓ દાવાવાળી જમીન પૈકીનો પ્રતિવાદી નં.૧ થી ૩ નો પ્રત્યક્ષ કબજા ભોગવટાની જમીનનો

પ્રતિવાદીઓ પાસેથી કબજો પડાવી લે તેમ છે અને જો તેમ થાય તો પ્રતિવાદીઓના હકકને પારાવાર નુકસાન થાય તેમ છે અને જેનો બદલો નાણાંથી કે અન્ય રીતે વળી શકે તેમ ન હોઇ, વાદીઓનો દાવો અને મનાઇ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

૫. પ્રતિવાદીઓએ વાદીઓના હાલના દાવાની વિરુધ્ધમાં સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૮ રૂલ ૬ અન્વયે વાદીઓ વિરુધ્ધ કાઉન્ટર દાવો રજુ કરેલ છે, જેમાં પ્રતિવાદીઓએ મુખત્વે પોતાના આંક ૧૨ ના લેખીત જવાબની હકીકતો જણાવી વધુમાં જણાવેલ છે કે પક્ષકારોની સંયુકત માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે બડોદરા, તા. મોડાસા ની સીમના સરવે નં.૨૫૮ (જુનો સરવે નં.૨૦૯) ની ખેતીની જમીન ક્ષેત્રફળ હે. ૩-૦૧-૫૫ આરે. ચો.મી. ની આવેલ છે અને સદર જમીન અડધી અડધી એટલે કે વાદીઓની પુર્વ તરફની સદરહુ સરવે નંબરની અડધી જમીન તથા પ્રતિવાદીઓની પશ્ચિમ તરફના ભાગની સદરહુ સરવે નંબરની અડધી જમીન એમ સ્થળે ભાગલા પાડીને વર્ષોથી તેમના વડવાઓના વખતથી વાવેતર કરી ખેડી વાવી ઉપજ મેળવે છે અને સદર ભાગલા સ્થળે આવેલ ઉત્તર દક્ષીણ શેઢાથી જુદા પડે છે અને પુર્વના વાદીઓના ભાગમાં ત્રણ મુખ્ય ભાગ તથા તેમાં પેટા ભાગલા પડે છે અને તેવી જ રીતે પ્રતિવાદીઓના પશ્ચિમ તરફના ભાગમાં પ્રતિવાદીઓ ત્રણ ભાગલા કરી ખેતી કરાવી ઉપજ લે છે. પ્રતિવાદીઓએ વાદીઓના દાવા વિરુધ્ધ પ્રતિદાવો કરી સદર દાવાવાળી મોજે બડોદરા, તા. મોડાસા ની સીમના સરવે નં.૨૫૮ (જુનો સરવે નં.૨૦૯) ની ખેતીની જમીન પૈકી અડધી જમીનના પ્રતિવાદીઓ માલીક અને કબજેદાર છે અથવા વિકલ્પે સદરહુ જમીનના પ્રતિવાદીઓ સંયુકત માલીક કબજેદાર છે તેવું ઠરાવવા દાદ માંગી સદરહુ દાવાવાળી જમીન પૈકીની અડધી પશ્ચિમ તરફની પ્રતિવાદીઓના હિસ્સાની જમીનમાં પ્રતિવાદીઓ તથા તેમના વંશ, વાલી, વારસો અને માણસો ખેતી કરી ઉપજ લેતાં આ કામના વાદીઓ કે તેમના ઘરના સભ્યો, માણસો, નોકરો, એજન્ટો, એસાનીઓ કે મુખત્યારો કોઇપણ રીતે હેલો, હરકત, અવરોધ, રૂકાવટ કરે કરાવે નહી કે ધાક ધમકીઓ આપે અપાવે નહી તેવો કાયમી તથા જાથુનો મનાઇ હુકમ વાદીઓ વિરુધ્ધ અને પ્રતિવાદીઓના લાભમાં ફરમાવવા અરજ કરેલ છે અને પ્રતિવાદીઓએ વાદીઓ વિરુધ્ધના પ્રતિદાવા સાથે આંક ૧૮ થી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા માટે અલગ થી અરજી આપેલ છે.

૬. આ કામે વાદીઓએ પ્રતિવાદીઓના કાઉન્ટર દાવા તથા વચગાળાની મનાઇ અરજીનો સંયુકત જવાબ આંક ૨૧ થી રજુ કરેલ છે જેમાં વાદીઓએ પ્રતિવાદીઓના કાઉન્ટર દાવા અને વચગાળાની મનાઇ અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે વાદીઓના દાદા સ્વ. કલાજી દાનાજી બામણીયા એકલા બડોદરા સીમમાં આવેલ સરકારી જંગલ ખાતાની જમીનમાં ખેતી કરતા હતા જેથી સરકારશ્રીએ તારીખ ૧૦.૧૨.૧૯૬૬ ના રોજ જમીન ફાળવેલ અને તે જમીનમાં ફકત કલાજી દાનાજી એકલા જ ખેતી કરતા આવેલ છે અને સદર દાવાવાળી જમીન કલાજી દાનાજીની સ્વપાર્જીત જમીન હોઇ આ જમીનમાં કલાજી દાનાજીના બીજા ભાઇઓનો કોઇ હકક અધિકાર રહેલ નથી અને પ્રતિવાદીઓ કયારેય પણ દાવાવાળી જમીનમાં ખેતી કરવા આવેલ નથી કે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કબજો ભોગવટો પણ કરેલ નથી. વધુમાં વાદીઓએ જણાવેલ છે કે પ્રતિવાદીઓ તેમના વડવા સ્વ. હુરાજીની વડીલોપાર્જીત ખેતીની જમીન જે દાવાવાળી જમીનની જ્યાથી આશરે બે કિ.મી. દુર બડોદરા સીમના બ્લોક નં.૬ માં આવેલ છે તે જમીનમાં તેમના હિસ્સે આવેલ જમીનમાં ખેતી કરે છે. વાદીઓએ વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદીઓના વડવા હુરાજી પાસે ફકત બડોદરા સીમના રેવન્યુ સરવે નં.૬ વાળી જમીન હતી અને દાવાવાળી મિલકત સરકારી પડતર જમીન હતી જે ફકત વાદીઓના દાદા કલાજી એકલા જ વાવતા હતા અને દાવાવાળી મિલકત જંગલ વિસ્તારમાં આવેલ હોઇ અને તે સમયે રોડ રસ્તા ન હોવાનથી વાદીઓના સગા ભાઇઓ કે પ્રતિવાદીઓ પણ દાવાવાળી જમીનમાં ખેતી કરવા જતા નહી જેથી સરકારશ્રીએ નીયમ મુજબ વાવણી કરતા તમામ ખેડુતોને જમીન ફાળવેલ તેમાં વાદીઓના દાદા કલાજીને જમીન મળેલ જેથી રેવન્યુ સરવે નં.૨૦૯ વાળી જમીન વાદીઓના દાદા કલાજીની માલીકીની સ્વપાર્જીત મિલકત છે તેમાં કોઇનો પણ હકક હિસ્સો ન હોવાનું જણાવેલ છે.

૬.૧ વાદીઓએ વધુમાં જણાવેલ છે કે સ્વ. હુરાજી કે વાદીઓના દાદા દાનાજી દાવાવાળી જમીનનો કબજો ધરાવતા ન હતા તથા આ જમીન સરકારશ્રીની હોઇ તેના ભાગ પાડવામાં આવેલ હોવાની વાત પાયા વિહોણી કપોળ કલ્પીત હોવાની અને હકીકતમાં દાવાવાળીજમીન જંગલમાં આવેલ હોઇ વાદીઓના દાદા કલાજી એકલા જ જંગલમાં જઇને ખેતીવાડી કરતા જેથી સરકારશ્રી

ધ્વારા તેમની જમીનના કબજાના આધારે જમીન માલીક બનાવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં વાદીઓએ જણાવેલ છે કે દાવાવાળી જમીન વાદીઓના દાદા કલાજી ખેડતા અને ત્યારબાદ વાદીઓ સદર દાવાવાળી જમીન સંયુકત રીતે ખેડતા આવેલ છે અને સ્થળ ઉપર કોઇપણ ભાગ પાડેલ નથી અને દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઇ હકક હિસ્સો કે કબજો અધિકાત હતો નહી અને પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં કયારેય ખેતીવાડી કરેલ નથી અને પ્રત્યક્ષ કબજો પણ ધરાવેલ નથી તેમ જ દાવાવાળી જમીન વાદીઓના દાદા કલાજીની સ્વપાર્જીત માલીકીની હોઇ વાદીઓને સદર દાવાવાળી જમીન ઉપર તમામ અધિકારો ભોગવવાનો હકક છે અને તે સંજોગોમાં પ્રતિવાદીઓ કોઇપણ જાતનો મનાઇ હુકમ મેળવવા હકકદાર ન હોવાનું જણાવી પ્રતિવાદીઓનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી તથા સગવડતા અગવડતાનું પાસું પણ પ્રતિવાદીઓના લાભમાં ન હોવાનું અને જો પ્રતિવાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો વાદીઓને નાણાંથી કે બીજી કોઇપણ રીતે ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન થાય તેમ હોવાનું જણાવી સદર દાવાવાળી જમીનોના ભાવ વધવાથી પ્રતિવાદીઓ ધ્વારા મેલીમુરાદ રાખી વાદીઓની જમીન પચાવી પાડવા ખોટું કારણ ઉભું કરેલ હોવાનું જણાવી વાદીઓ પોતાની દાવા અરજી અને મનાઇ અરજીની હકીકતોને વળગી રહેલ છે અને પ્રતિવાદીઓનો કાઉન્ટર દાવો તથા મનાઇ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

૭. વાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. બી.આર. પટેલ તથા પ્રતિવાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. એસ.આર. ભરવાડ ની દલીલો સાંભળી.

૭.૧ આ કામે વાદીઓ તરફે તેના વિ. વકીલશ્રી બી.આર. પટેલે મૌખીક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીઓના દાદા સ્વ. કલાજી દાનાજી બામણીયા એકલા બડોદરા સીમમાં આવેલ સરકારી જંગલ ખાતાની જમીનમાં ખેતી કરતા હતા જેથી સરકારશ્રીએ તારીખ ૧૦.૧૨.૧૯૬૬ ના રોજ જમીન ફાળવેલ અને તે જમીનમાં ફકત કલાજી દાનાજી એકલા જ ખેતી કરતા આવેલ છે અને સદર દાવાવાળી જમીન કલાજી દાનાજીની સ્વપાર્જીત જમીન હોઇ આ જમીનમાં કલાજી દાનાજીના બીજા ભાઇઓનો કોઇ હકક અધિકાર રહેલ નથી અને પ્રતિવાદીઓ કયારેય પણ દાવાવાળી જમીનમાં ખેતી કરવા આવેલ નથી કે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો

કબજો ભોગવટો પણ કરેલ નથી. વધુમાં વાદીઓએ જણાવેલ છે કે પ્રતિવાદીઓ તેમના વડવા સ્વ. હુરાજીની વડીલોપાર્જીત ખેતીની જમીન જે દાવાવાળી જમીનની જ્યાથી આશરે બે કિ.મી. દુર બડોદરા સીમના બ્લોક નં.૬ માં આવેલ છે તે જમીનમાં તેમના હિસ્સે આવેલ જમીનમાં ખેતી કરે છે. આ કામે નિ. ૩૫/૪ જોતાં ગામના નમુના નં. ૬ હકકપત્રકમાંથી કુંટુંબીજનોનો હકક પહોચતો ન હોઈ તથા અન્ય કબજેદારોનુ સંમતી સોગદનામુ રજૂ કરેલ ન હોઈ નોધ નં. ૯૩૩ તા. ૨૬/૪/૨૦૧૦ ના રોજ સહભાગીદાર બામણીયા ફતાજી સુરાજી, બામણીયા માલાજી સુરાજી, બામણીયા રમણજી મોતીજી, બામણીયા મંગાજી નાનાજી તથા બામણીયા દોલાજી ભેમાજીના નામો તા.૧૧/૬/૨૦૧૦ ના રોજ મોડાસાના મામલતદાર શ્રીએ નોધ નં. ૯૩૩ નામંજુર યાને કે રદ્દ કરેલાની નોંધ છે. નિ. ૩૫/૧ થી નિ. ૩૫/૩ સુધીના ઉતારા જોતાં ગામના નમુના નં. ૭/૧૨ માં હાલના વાદીઓના નામો હોવાનુ જણાય છે. તેમજ નિ. ૪/૧ થી ૪/૨ જોતાં પણ ગામના નમુના નં. ૭/૧૨ માં વાદીઓના નામો હોવાનુ સ્પષ્ટપણે કબજેદાર તરીકે તેમજ હાલના ખાતેદાર તરીકે હોવાનુ જણાઈ આવે છે. નિ. ૧૧/૨ નુ કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ પંચનામુ તેમજ નિ.૧૧/૩ નો કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ નકશો જોતાં વાદીના દાવાની હકીકતોને મદદરૂપ થતો હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. તમામ રેકર્ડ જોતાં વાદીઓનો પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં છે તેમજ વાદીઓને માગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો પ્રતિવાદીઓ કાયદો હાથમાં લઈ વાદીઓની સંયુકત માલીકીની જમીનમાં ગેરકાયદેસર ધુસી જઈ તેમની જમીન પડાવી લઈ વાદીઓના હકક હીસ્સાને નષ્ટ કરી દે અને જેથી નાણાંથી પણ ન વળી શકે તેવુ વાદીઓને પારાવાર નુકસાન થાય તેમ હોય વાદીઓની કામચલાઉ મનાઈહુકમની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૭.૨ જયારે, પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી એસ.આર. ભરવાડે તેઓની મૌખીક દલીલમાં જણાવેલ છે કે, દાવાવાળી જમીન વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની છે અને પ્રતિવાદીઓ સંયુકત કબજેદાર છે. પ્રતિવાદીઓએ તેમની આંકઃ૧૮ ની કામચલાઉ મનાઈહુકમની અરજી રજુ કરી તેના સમર્થનમાં પ્રતિવાદીઓએ આંકઃ૧૭ ના પુરાવા લીસ્ટથી કુલ : ૭ દસ્તાવેજો રજુ કરેલ છે તેમજ આંકઃ૩૭ ના પુરાવાલીસ્ટથી નિ. ૩૭/૧ થી નિ. ૩૭/૪૩ સુધીના જુદી જુદી વ્યકિતઓના કરેલ સોગદનામાઓ રજૂ કરેલ છે. જેમાની

હકીકતો ધ્યાને વંચાણે લેતાં સ.નં. ૨૫૭ વાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓનો પણ હીસ્સો આવેલ હોવાનુ જણાવે છે અને વાદીઓ એવુ કહેતા હોય કે સ.નં. ૨૫૮ ની ખેતીની જમીન તેમની સ્વતંત્રમાલીકીની છે તો તે હકીકત ખરી નથી તેમ તમામે તમામ સોગદનામાઓ કરનારાઓ જણાવે છે. વધુમાં વિ.વ.શ્રી ભરવાડે દલીલ કરી જણાવેલ છે કે, આંકઃ૧૮ ની અરજીમાં પેરા નં. ૨ માં સ્વ. હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાનુ પુરેપુરે પેઢીનામુ ધ્યાને વંચાણે લઈએ તો હાલના પ્રતિવાદીઓ પણ સદર સ.નં. ૨૫૮ માં ભાગીદાર એટલે કે હીસ્સેદાર હોવાનુ જણાઈ આવે છે. વધુમાં નિ. ૧૧/૨ અને નિ. ૧૧/૩ જે વાદી તરફે કોર્ટ કમીશનરશ્રી તરફેથી પંચનામુ અને નકશો રજૂ કરવામાં આવેલ છે જે પ્રતિવાદીઓની તરફે મદદરૂપ થતો હોવાનુ જણાય છે. તેથી વાદીઓને મનાઈ હુકમ આપવામાં ન આવે તો કોઈ નુકશાન જાય તેમ નથી.આમ,પ્રતિવાદીઓનો કબજો હોય, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીઓની તરફેણમાં છે.આથી વાદીઓની કામચલાઉ મનાઈહુકમ મેળવવાની અરજી રદ્દ કરવા જણાવેલ છે. વધુમાં પ્રતિવાદીઓના વિધ્વાન વકીલ શ્રી. ભરવાડે વધુમાં તેમની દલીલોમાં જણાવેલ છે કે દાવાવાળી જમીન સરવે નં.૨૫૮ (જુનો સરવે નં.૨૦૯) વાળી જમીનના વચ્ચેના ઉત્તર દક્ષીણ શેઢા થી પુર્વ તરફની જમીન વાદીઓ અને તેમના કાકાના દિકરાઓની છે અને સદર શેઢા થી પશ્ચિમ તરફની જમીન પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓની છે અને તે હીસ્સાઓ મુજબ દાવાવાળી જમીન બંને પક્ષકારો ખેડી વાવી ઉપજ મેળવે છે અને છેલ્લા ૩૦ વર્ષ કરતા વધુ સમયનું દાવાવાળી જમીનનું પાણીપત્રક વાદીના વડવા અને પ્રતિવાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.૨ અને ૩ ના નામનું થયેલ પરંતુ દાવાવાળી જમીન વારસાઇથી વાદીઓના નામે થયેલ હોઇ રેવન્યુ રેકર્ડનો ગેરલાભ ઉઠાવી વાદીઓ પ્રતિવાદીઓની પશ્ચિમ તરફની માલીકી કબજા ભોગવટાની જમીનનો કબજો કાયદો હાથમાં લઇ પડાવી તજવીજ કરી રહેલ છે અને તેના ભાગરુપે હાલનો દાવો કરેલ હોવાનું જણાવી વાદીઓનો કોઇ પ્રથમ દર્શનીય કેસ ન હોવાની અને સગવડતા અગવડતાનું પાસું પણ વાદીના લાભમાં નહી પરંતુ પ્રતિવાદીઓના લાભમાં હોઇ જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો વાદીઓ દાવાવાળી જમીન પૈકીનો પ્રતિવાદી નં.૧ થી ૩ નો પ્રત્યક્ષ કબજા ભોગવટાની જમીનનો પ્રતિવાદીઓ પાસેથી કબજો પડાવી લે તેમ છે અને જો તેમ થાય તો પ્રતિવાદીઓના હકકને પારાવાર

નુકસાન થાય તેમ છે અને જેનો બદલો નાણાંથી કે અન્ય રીતે વળી શકે તેમ ન હોઇ, વાદીઓનો દાવો અને મનાઇ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

૭.૩ પ્રતિવાદીઓના વિધ્વાન વકીલ શ્રી ભરવાડે વધુમાં રજુઆત કરેલ છે કે વાદીઓને સદર દાવાવાળી જમીનની ચોકકસ પરીસ્થિતીની ખબર નથી અને આ કામે વાદીઓએ દાવા અરજીમાં દાવાવાળી જમીનના પાંચ ભાગ હોવાનું જણાવેલ છે જયારે કોર્ટ કમીશનરશ્રીએ કરેલ પંચનામા મુજબ સદર દાવાવાળી જગ્યાના છ ભાગ છે અને આ કામે પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ સોગંદનામા ઉપરથી પણ સદર દાવાવાળી જમીનમાં અડધા ભાગમાં પ્રતિવાદીઓ ખેડી વાવી ઉપજ મેળવતા હોવાની હકીકત સ્પષ્ટ જણાવેલ હોઇ પ્રતિવાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે અને સગવડતા અગવડતાનું પાસું પણ પ્રતિવાદીઓની તરફેણમાં છે અને જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો વાદીઓ પ્રતિવાદીઓના કબજા ભોગવટાની દાવાવાળી જમીનનો અડધો પ્રતિવાદીઓનો ભાગ પણ પડાવી લે તો પ્રતિવાદીઓને પારાવાર નુકસાન થાય તેમ છે અને સદર દાવાવાળી જમીન બંને પક્ષકારોના સંયુકત માલીકી કબજા ભોગવટાની હોઇ, પ્રતિવાદીઓની કામચલાઉ મનાઇ હુકમની આંક ૧૮ ની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૮. પ્રસ્તુત કામે વાદીઓ તરફે તેઓની અરજીનાં સમર્થનમાં આંકઃ૪ ના પુરાવા લીસ્ટથી નિ. ૪/૧ થી નિ. ૪/૩ સુધીના તેમજ આંકઃ૧૧ ના પુરાવા લીસ્ટથી નિ.૧૧/૧ થી નિ.૧૧/૩ તેમજ આંકઃ૩૫ ના પુરાવા લીસ્ટથી નિ. ૩૫/૧ થી નિ. ૩૫/૪ સુધીના તેમજ આંકઃ૪૦ ના પુરાવા લીસ્ટથી નિ. ૪૦/૧ થી નિ. ૪૦/૧૪ સુધીના વિવિધ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે. ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાઓ વાદીઓ તરફથી રજુ કરવામાં આવેલ નથી.

૯. પ્રસ્તૃત કામે પ્રતિવાદીઓ તરફે તેનાં જવાબનાં સમર્થનમાં આંકઃ૧૭ ના પુરાવાલીસ્ટથી કુલ : છ દસ્તાવેજો રજુ કરેલ છે તેમજ આંકઃ૩૭ ના પુરાવા લીસ્ટથી નિ. ૩૭/૧ થી નિ. ૩૭/૪૩ સુધીના જુદી જુદી વ્યકિતઓના કરેલ સોગદનામાઓ રજૂ કરેલ છે.આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાઓ પ્રતિવાદીઓ તરફથી રજુ કરવામાં આવેલ નથી.

૧૦. આ કામે વાદીઓની દાવા અરજી, મનાઈઅરજી, પ્રતિવાદીઓનો જવાબ તથા પ્રતિદાવો અને પ્રતિવાદીઓની કામચલાઉ મનાઈઅરજી તેમજ બંને પક્ષકારો તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ અને બંને પક્ષો તરફે રજુ થયેલ દલીલો ધ્યાને લેતાં, આ બંને અરજીઓનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

***-: મુ દ્દા :-***

(૧) શું વાદીઓ તથા પ્રતિવાદીઓ સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું સગવડતા,અગવડતાની સમતુલા વાદીઓ તથા પ્રતિવાદીઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીઓ તથા પ્રતિવાદીઓ સાબીત કરે છે કે,માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો પોત પોતાને નાણાંથી ન આકારી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૧૧. ઉપરોકત મુદ્દાનાં હવે પછી જણાવેલ કારણો અનુસાર નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારમાં
(૨) અંશતઃ હકારમાં
(૩) અંશતઃ હકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

***-: કા ર ણો :-***

***મુદ્દા નં.૧ થી ૩ સાથે :-***

૧૨. ઉપરોક્ત મુદદા નં.૧ થી ૩ એકબીજાની હકીકતોને સંલગ્ન હોઇ પુરાવાની ચર્ચા કરવામાં પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર તમામ મુદદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે. આ કામે વાદીઓએ હાલના દાવાના અનુસંધાને સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૩૯ રૂલ ૧ અને

૨ અન્વયે પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે હાલની અરજી આંક ૫ ની અરજી કરેલ છે અને પ્રતિવાદીઓએ વાદીઓ વિરુધ્ધ કાઉન્ટર દાવો કરીને તેમના કાઉન્ટર દાવાના અનુસંધાને આંક ૧૮ થી પ્રતિવાદીઓએ વાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે અરજી કરેલ હોઇ, સદર બંને અરજીઓની હકીકતો એકબીજાની હકીકતો સાથે સુસંગત અને સંલગ્ન હોઇ ઉપરોક્ત મુદદાઓની ચર્ચા કરવામાં પુનરાવર્તનને ટાળવા માટે સદર આંક ૫ અને આંક ૧૮ ની બંને અરજીઓનો નિર્ણય એક સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૧૩. ઉભયપક્ષની દલીલો સાંભળી. હાલના દાવાના કામે બંને પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લીધા. વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન અને કાયમી મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. અને વાદીઓએ હાલનો દાવો કરવાના કારણમાં જણાવેલ છે કે વાદીઓ દાવાવાળી જમીનના પુર્વ બાજુના ભાગે જુવારનું વાવેતર કરવા માટે ટ્રેકટર થી ખેડાણ કરાવતા હોય ત્યાં આ કામના પ્રતિવાદીઓ તથા તેમના પરીવારના માણસોએ પંદરેક દિવસ અગાઉ દાવાવાળી જમીનમાં લાકડીઓ તથા ધારીયાઓ લઇ ગેરકાયદેસર રીતે ઘુસી જઇ બપોરના આશરે બારેક વાગ્યાના સુમારે આ જમીનમાં તો અમારો અડધો હિસ્સો છે અને તમે અમોને કેમ પુછયા વિના ખેડાણ કરો છો તેમ કહી ગંદી ગાળો બોલી ટ્રેકટર આગળ પ્રતિવાદી નં.૬ નાઓ સુઇ ગયેલ અને જો તમો આ જમીન ખેડશો તો તમારા બધાની અહીં લાશો પડી જશે તેવી ધમકીઓ આપેલ હોઇ વાદીઓએ હાલનો દાવો કરેલ છે. જયારે પ્રતિવાદીઓએ વાદીઓના દાવાની વિરુધ્ધમાં સામો દાવો કરી દાવાવાળી જમીન પૈકી વચ્ચે ઉત્તર દક્ષીણ શેઢાથી પશ્ચિમ તરફના હીસ્સાની તેમના હિસ્સાની જમીનમાંથી વાદીઓ પ્રતિવાદીઓને નીકળી જઇ દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધમકી આપતા હોવાનું જણાવી પ્રતિવાદીઓએ પણ વાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમની માંગણી કરેલ છે.

૧૪. આ કામે બંને પક્ષોનાં પ્લીડીંગ્સ તથા તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને વંચાણે લેતાં, વાદીઓએ આંક:૫ ની સી.પી.સી.ઓડર ૩૯(૧)(૨) તેમજ કલમ:૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમની અરજીમાં 'મોજે બડોદરા, તા.મોડાસા, જી. અરવલ્લીની સીમના જુના સ.નં.

૨૦૯ જેનો નવો સ.નં. ૨૫૮ ખાતા ન. ૧૯૬ વાળી જુની શરતની ખેતીલાયક જમીન હે. ૦૩–આરે ૦૧– ચો.મી.૫૫ કે જેનો આકાર રૂા. ૨.૪૫ વાળી દાવાવાળી જમીન વાદીઓની સંયુકત માલીકીની કબજા ભોગવટાની છે તે જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો,નોકરો, ચાકરો, એજન્ટો, વિગેરેનાઓપ્રવેશ કરે કરાવે નહી કે ગેરકાયદેસર રીતે દાવાવાળી જમીનનો કબજો લે લેવડાવે નહી તેમજ દાવાવાળી જમીનમાં વાદીઓ ખેતી કરી ઉપજ લે, લેવડાવે તેમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, ચાકરો, એજન્ટો, કોઈપણ જાતનો હેલો, હરકત, અતરાય, અવરોધ કરે કરાવેનહી તેવો કામચલાઉ મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે. જયારે આ કામના પ્રતિવાદીઓએ આંકઃ૧૮ ની અરજી રજુ કરી સી.પી.સી. ઓડર ૩૯ રૂલ્સ (૧)(૨) મુજબની અરજી રજુ કરી સદર મનાઈઅરજીના પેરા નં.૧ માં વર્ણવેલ ખુંટ ચારના વર્ણનવાળી મોજેઃ બડોદરા,તા.મોડાસા,જી. અરવલ્લીના સ.નં. ૨૫૮ (જેનો જુનો સ.નં. ૨૦૯) પૈકીની અડધી પશ્ચિમ તરફની પ્રતિવાદીઓના હીસ્સાની જમીનમાં પ્રતિવાદીઓને તથા તેમના વંશ, વાલી, વારસો, અને માણસોને ખેતી કરી ઉપજ લેતા આ કામના વાદીઓ કે તેમના ધરના સભ્યો ,માણસો, નોકરો, એજન્ટો ,એસાનીઓ કે મુખત્યારો અડચણ, અવરોધ, કરે, કરાવે નહી કે ધાકધમકીઓ આપે અપાવે નહી તેવો આ કાઉન્ટર દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈહુકમ આ કામના વાદીઓ વિરુધ્ધ ફરમાવવા તેમજ સદર મનાઈઅરજીના પેરા નં.૧ માં વર્ણવેલ ખુંટ ચારના વર્ણનવાળી મોજે બડોદરા,તા. મોડાસા, જી. અરવલ્લીના સ.નં. ૨૫૮ (જેનો જુનો સ.નં. ૨૦૯) પૈકીની અડધી પશ્ચિમ તરફની પ્રતિવાદીઓના હીસ્સાની જમીનને આ કામના વાદીઓ કોઈને કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહી તેમજ સદર દાવાવાળી જમીન ઉપર હવે પછી સરકારી, અર્ધસરકારી તેમજ સહકારી કે ખાનગી બેંકમાં તેમજ સહકારી બેંકોમાં તેમજ ખાનગી ફાઈનાન્સ ગીરો મુકીબોજો પડાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈહુકમ આ કામના વાદીઓ વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

૧૫. આ કામના વાદીઓ તરફે નિ. ૪/૧ તથા નિ. ૪/૨ નો ગામ નમુનો નં.૭/૧૨ તથા ગામનો નમુનો ન. ૮(અ) જમીનની ખાતાવહી) નો ઉતારો જોતાં મોજે, બડોદરા, તા.મોડાસા, જી. અરવલ્લીના બ્લોક/સ.નં. ૨૫૮ જુની શરતની ખેતીલાયક ઉપયોગની જેનો જુનો બ્લોક /સ.નં.૨૦૯ જેનુ કુલ ક્ષેત્રફળ ૩–૦૧–૫૫ હે.આરે.ચો.મી. અને રૂા.૨.૪૫ વાળી ખાતા નં.

૧૯૬ ની અને કબજેદારોના નામમાં બામણીયા શનાજી કલાજી, બામણીયા બાલાજી કલાજી, બામણીયા મગાજી કલાજી, બામણીયા સાયબાજી કલાજી અને બામણીયા ભલાજી કલાજીના નામો એટલે કે હાલના દાવાના વાદીઓના નામો હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. નિ. ૪/૩ અને નિ. ૩૫/૪ જોતાં ગામના નમુના નં.૬ હકકપત્રકમાંથી કુંટુંબીજનોનો હકક પહોચતો ન હોઈ તથા અન્ય કબજેદારોનુ સંમતી સોગંદનામુ રજૂ કરેલ ન હોઈ નોધ નં. ૯૩૩ તા. ૨૬/૪/૨૦૧૦ ના રોજ સહભાગીદાર બામણીયા ફતાજી સુરાજી, બામણીયા માલાજી સુરાજી, બામણીયા રમણજી મોતીજી, બામણીયા મંગાજી નાનાજી તથા બામણીયા દોલાજી ભેમાજીના નામો તા.૧૧/૬/૨૦૧૦ નારોજ મોડાસાના મામલતદાર શ્રી એ નોધ નં. ૯૩૩ નામંજુર યાને કે રદ્દ કરેલાની નોંધ છે. નિ. ૩૫/૧ થી નિ. ૩૫/૩ સુધીના ઉતારા જોતાં ગામના નમુના નં. ૭/૧૨ માં હાલના વાદીઓના નામો હોવાનુ જણાય છે. આ કામે કોર્ટ કમીશ્નરશ્રીએ વાદગ્રસ્ત જગ્યાનુ નિ. ૧૧/૨ થી જે પંચનામુ રજૂ કરેલછે. તે વંચાણે લઈએ તો "વાદગ્રસ્ત ખેતરમાં ઉત્તર– દક્ષીણ આશરે ૯૦૦ ફુટની લંબાઈ તથા પૂર્વ–પશ્ચિમ આશરે ૧૦૦૦ ફુટની લંબાઈનુ વિશાળ ખેતર આવેલ છે. સદર ખેતરમાં પ્રથમ એક ભાગ કાચા શેઢાથી અલગ દર્શાવેલ છે, જે પૂર્વ– પશ્ચિમ છ ભાગ પાડેલ છે. એજ રીતે ઉત્તર– દક્ષીણ સળંગ એક ભાગ આવેલ છે. સદર ખેતરમાં પશ્ચિમ બાજુ ઉત્તર– દક્ષીણ સળંગ વાડ જુદા જુદા ઝાડવાઓથી બનાવેલ છે અને સદર જમીનમાં પશ્ચિમથી પૂર્વ તરફ જતા પ્રથમ ભાગમાં કોઈ વાવેતર કરેલ નથી. ત્યારબાદ બીજા ભાગમાં પણ કોઈ વાવેતર કરેલ નથી. ત્રીજા ભાગમાં સુંઢીયાનુ વાવેતર કરેલ છે, ચોથા ભાગમાં કપાસનુ વાવેતર કરેલ છે, અને પાંચમા ભાગમાં અડદનુ વાવેતર કરેલ છે અને છઠ્ઠા ભાગમાં સુંઢીયાનુ વાવેતર કરેલ છે." આ કામે નિ. ૧૧/૩ નો નકશો જોતાં છ ભાગમાં ખેતરો હોવાનુ દરેક ખેતરોમાં શું વાવેતર કરેલ છે તે પણ જણાવેલ છે. આમ, કોર્ટ કમીશ્નરશ્રીએ રજૂ કરેલ પંચનામાની અને નકશાની હકીકતો ઉપરથી સદર દાવાવાળી જમીનમાં કુલ છ ભાગ પાડેલ હોવાનું જણાઇ આવે છે, જ્યારે વાદીએ પોતાની દાવા અરજીમાં વાદીઓ સંયુકત રીતે દાવાવાળી જમીનમાં સ્થળ ઉપર ઉત્તર દક્ષીણ તરફના પાંચ સરખા ભાગ શેઢા પાડી અલગ અલગ પોત પોતાના ભાગલાઓમાં ખેતી કરતા હોવાની હકીકત જણાવેલ છે. આમ, વાદી સદર દાવાવાળી જમીનમાં પાંચ સરખા ભાગ પાડેલ હોવાનું જણાવે છે જ્યારે પ્રતિવાદીઓ તેમના લેખીત જવાબ અને

પ્રતિદાવામાં સદર દાવાવાળી જમીનમાં કુલ છ ભાગ પાડવામાં આવેલ હોવાની હકીકત જણાવે છે અને કોર્ટ કમીશનરશ્રીના પંચનામા અને નકશા ઉપરથી પણ સદર દાવાવાળી જમીનમાં કુલ છ ભાગ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે અને તે રીતે વાદીઓના દાવાની હકીકતને સમર્થન મળેલ ન હોવાનું જણાઇ આવે છે.

૧૬. આ કામે પ્રતિવાદીઓ તરફે એ તકરાર લીધેલ છે કે, પક્ષકારોની સંયુંકત માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે બડોદરા, તા.મોડાસાની સીમના સ.નં. ૨૫૮(જેનો જુનો સ.નં.૨૦૯)ની ખેતીની જમીન ક્ષેત્રફળ ૩–૦૧–૫૫ હે.આરે.ચો.મી. ની આવેલ છે જે જમીન પક્ષકારો અડધી અડધી એટલે કે વાદીઓની પૂર્વ તરફની સદરહુ સર્વે નંબરની અડધી એમ સ્થળે ભાગલા પાડીને વર્ષોથી એટલકે તેમના વડવાઓ વખતથી વાવેતર કરી પ્રથમ તેમના વડવા તથા તે પછી પક્ષકારો ખેડતા આવેલછે.તથા પક્ષકારોના ઉપર મુજબના ભાગલા સ્થળે આવેલ ઉત્તર–દક્ષીણ શેઢાથી જુદા પડે છે.પૂર્વના વાદીઓના ભાગમાં ત્રણ મુખ્ય ભાગ તથા તેમાં પેટા ભાગલા પડેલ છે તેવી જ રીતે પ્રતિવાદીઓના પશ્ચિમ તરફના ભાગલામાં પ્રતિવાદીઓ ત્રણ ભાગલા કરી ખેતી કરાવી ઉપજ લેતા હોવાનુ જણાવે છે. પ્રતિવાદીઓના જણાવ્યા પ્રમાણે કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ પંચનામા તથા નકશાથી દાવાવાળી જમીનમાં પ્રતિ.નં.૧ ના પિતા તથા પ્રતિં.નં. ૨ અને ૩ નુ વર્ષો સુધીનુ પાણીપત્રક થયેલ છે અને તેમના નામો આવેલ હોવાનુ જણાવે છે.પ્રતિવાદીઓના જણાવ્યા પ્રમાણે આ કામના વાદીઓને તેમના હિસ્સાની જમીન ખેડી ઉપજ લેતાં રોકવાનો કે અવરોધ કરવાનો કોઈ હકક કે અધીકાર નથી. વાદીઓ દાવાવાળી જમીન પૈકી તેમના હીસ્સાની જમીનમાંથી નીકળી જવા તથા કબજો છોડી દેવા ધમકીઓ આપે છે. દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડે તેમના નામે હોઈ તેનો દુરુપયોગ કરી બોજામાં મૂકી લોન લઈ લેવાની ફીરાકમાં હોઈ જો વાદીઓ તેમના બદઈરાદામાં સફળ થાય તો પ્રતિવાદીઓનો વર્ષો જુનો તેમનો વડવાઓના વખતથી ચાલ્યા આવતા દાવાવાળી જમીનના માલીકી કબજા હકકને ભારે અને પારાવાર નુકસાન જાય તેમ છે.આથી પ્રતિવાદીઓનો પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીઓના લાભમાં છે. પ્રતિવાદીઓએ તેમા કાઉન્ટર કલેઈમમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવામાં આવે તો આ કામનાવાદીઓને કોઈ નુકસાન જાય તેમ નથી પરંતુ પ્રતિવાદીઓએ માગ્યા મુજબની દાદ મંજુર કરવામાં ન આવે તો પ્રતિવાદીઓને ભારે તથા

પારાવાર નુકસાન જાય તેમ છે જેનો બદલો નાણાંથી કે અન્ય રીતે વળી શકે તેમ નથી તેમ જણાવે છે. વધુમાં આ કામના પ્રતિવાદીઓએ તેમના કાઉન્ટર કલેઈમના સમર્થનમાં આકઃ૩૭ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ. ૩૭/૧ થી તા. ૭/૧૨/૧૮ ના રોજ ખાંટ સાયબાજી પુજાજીએ તથા નિ.૩૭/૨ થી તા.૭/૧૨/૧૮ના રોજ બામણીયા ધુળાજી કાળાજીએ તથા નિ. ૩૭/૩ થી તા.૨૦/૧૧/૧૮ ના રોજ બામણીયા દોલાજી ભેમાજીએ તથા નિ. ૩૭/૪ થી તા. ૨૦/૧૨/૧૮ ના રોજ ખાંટ ભાથીજી જીવાજીએ તથા નિ. ૩૭/૫ થી તા.૬/૧૨/૧૮ ના રોજ ખાટ ભેમાજી ભુરાજીએ તથા નિ. ૩૭/૬ થી તા. ૬/૧૨/૧૮ ના રોજ બામણીયા દાનાજી વીરાજીએ તથા નિ. ૩૭/૭ થી તા. ૭/૧૨/૧૮ નારોજ ખોખર જુમાજી ગલાજીએ તથા નિ. ૩૭/૮ થી તા. ૨૦/૧૧/૧૮ ના રોજ બામણીયા કોદરભાઈ પુજાભાઈએ તથા નિ. ૩૭/૯ થી તા. ૨૦/૧૧/૧૮ ના રોજ બારીયા ચંદુજી કાળાજીએ તથા નિ. ૩૭/૧૦થી તા. ૨૦/૧૧/૧૮ ના રોજ બામણીયા ભાથીજી લેબાજીએ તથા નિ. ૩૭/૧૧ થી તા. ૨૦/૧૧/૧૮ ના રોજ બામણીયા મથુરજી ધનાજીએ તથા નિ.૩૭/૧૨ થી તા. ૨૦/૧૧/૧૮ ના રોજ બામણીયા કાનાભાઈ ધનાભાઈએ તથા નિ. ૩૭/૧૩ થી તા. ૭/૧૨/૧૮ ના રોજ ખાંટ લક્ષ્મણજી સોમાજીએ તથા નિ. ૩૭/૧૪ થી તા. ૧૨/૧૨/૧૮ના રોજ વણકર રાંમાભાઈ રણછોડભાઈએ તથા નિ. ૩૭/૧૫ થી તા. ૭/૧૨/૧૮ના રોજ બામણીયા નાનીજીભાઈ લુબાભાઈએ પ્રતિવાદીઓ તરફે સોગંદનામા રજૂ કરેલ છે. તેવી જ રીતે નિ. ૩૭/૧૬ થી નિ. ૩૭/૪૩ સુધીના જુદા જુદા વ્યકિતઓએ જુદી જુદી તારીખોએ આ કામના પ્રતિવાદીઓ તરફે સોગંદનામા કરેલ હોવાનુ જણાય છે. સદર તમામ ૪૩ વ્યકિતઓના એકજ સરખા અને એકજ હકીકતવાળા સોગંદનામા હોવાનુ સ્પષ્ટ જણાય છે. જે સોગંદનામામાંની કેટલીક વિગતો વંચાણમાં લઈએ તો " આ કામના પક્ષકારો એકજ વડવાના સંતાનો છે. સોગદનામુ કરનારની ખેતીની જમીન મોજે બડોદરા, તા.મોડાસાની સીમમાં આ કામના પક્ષકારોની સંયુકત માલીકી કબજા ભોગવટાની સીમના સર્વે નંબરઃ ૨૫૮ ( જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીનના આજુબાજુ અને નજીક આવેલ હોવાનુ જણાવે છે.વધુમાં તેમના ખેતરમાં જાતે ખેતી કરતા હોઈ અવારનવાર તેમના ખેતરમાં જતા હોયછે. જેથી આ દાવાના પક્ષકારોના સ.નં.૨૫૮ ની જમીનથી માહીતગાર છે. જે જમીનમાં મુળથી પક્ષકારો તથા તે અગાઉ તેમના વડવાઓ સંયુકત ખેતી કરાવતા હતા. પક્ષકારોએ દાવાવાળી જમીનના તે પછી વર્ષો પૂર્વે બે ભાગ ઉત્તર– દક્ષીણના શેઢાથી કરેલ છે. જેમાં શેઢાથી પૂર્વ તરફનો ભાગ

આકામનાવાદીઓ અને તેમના કાકાના દીકરાઓનો છે. જયારે પશ્ચિ તરફનો ભાગ આકામના પ્રતિવાદી ન.૧ રમણજી તે મોતીજી સુરાજી બામણીયા, પ્રતિવાદી નં.૨ ફતાજી સુરાજી બામણીયા તથા પ્રતિવાદી નં.૩ માલાજી સુરાજી બામણીયાનો આવેલ છે.પ્રતિવાદી નં.૪ પ્રતિં.નં.૨ ના દીકરા, પ્રતિ.નં. ૩ તથા પ્રતિ.નં. ૬ પ્રતિં.નં. ૪ ના અનુક્રમે દીકરા તથા પત્ની છે. તેવી જ રીતે પ્રતિં.નં.૧ થી ૩ નાઓએ તેમના પશ્ચિમ તરફના ભાગમાં તેમના વડવાઓ વખતથી ઉત્તર–દક્ષીણ દીશાના ત્રણ ભાગ કરી પોતપોતાના હીસ્સામાં ખેતી કરાવે છે. તેમજ જો વાદીઓ એવુ કહેતા હોય ક. સ.નં.૨૫૮ ની ખેતીની જમીન તેમની સ્વતંત્ર માલીકીની છે તો તે હકીકત ખરી નથી '' તેવા સોગંદનામાઓ પ્રતિવાદીઓ તરફે કરવામાં આવેલા હોવાનુ જણાય છે. આમ, આ કામે અલગ અલગ સ્વતંત્ર સાહેદોએ રજુ કરેલ સોગંદનામાની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો તે તમામ સોગંદનામા પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનું પ્રથમ દર્શનીય જણાઇ આવે છે અને પ્રતિવાદીઓ તરફે આવા કુલ ૪૩ વ્યકિતઓના સોગંદનામા રજુ થયેલ છે અને તે તમામના સોગંદનામા ઉપર જણાવેલ હકીકતો ન માનવાને હાલના તબકકે કોઇ વિશીષ્ટ કારણ ઉપસ્થીત થયેલ નથી અને વાદીઓ તરફે પણ પ્રતિવાદીઓએ રજુ કરેલ સોગંદનામાની હકીકતો વિરુધ્ધની હકીકતો અસ્તીત્વમાં હોય તેવા કોઇ સ્વતંત્ર સાહેદોના સોગંદનામા રજુ કરેલ નથી અને તે સંજોગોમાં સ્વતંત્ર સાહેદોના સોગંદનામાંની હકીકતો પ્રથમ દર્શનીય રીતે માનવાલાયક જણાય છે.

૧૭. આમ, આ કામે ઉભયપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ઉપરથી બંને પક્ષકારો એક જ વડવાના સંતાનો હોવાનું જણાઇ આવે છે. આ કામે વાદીઓ સદર દાવાવાળી જમીન તેમના દાદા કલાજી દાનાજી ની સ્વપાર્જીત મિલકત હોવાની હકીકત જણાવેલ છે અને સદર જમીન સરકારી જંગલ ખાતાની જમીન હોવાનું જણાવેલ છે પરંતુ વાદીઓ તરફે સદર દાવાવાળી જમીન તેમના દાદા કલાજીને ફાળવવામાં આવેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં વાદીઓએ પ્રતિવાદીઓના વડવા હુરાજી પાસે ફકત બડોદરાની સીમના રેવન્યુ સરવે નં.૬ વાળી જમીન આવેલ હોવાની અને દાવાવાળી જમીન સરકારી પડતર જમીન હતી અને તે ફકત વાદીઓના દાદા કલાજી એકલા જ વાવતા હોવાની અને વાદીાોના સગા ભાઇઓ કે પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં ખેતી કરવા જતા ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, વાદીઓ સદર દાવાવાળી જમીન સ્વપાર્જીત

હોવાનું જણાવી હાલનો દાવો લઇને આવેલ છે જ્યારે પ્રતિવાદીઓએ તેમના લેખીત જવાબ અને પ્રતિદાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે વરસો પહેલા સદર દાવાવાળી જમીન તેમના વડવા હુરાજી ભાથીજી ખેડી વાવી ઉપજ લેતા અને સદર હુરાજીને પ્રથમ પત્નીથી ત્રણ પુત્રો અને બીજી પત્નીથી એક આંગળીયાત પુત્ર એમ કુલ ચાર પુત્રો હોઇ તેઓએ તેમની હયાતીમાં સદર દાવાવાળી જમીન ચાર પુત્રો વચ્ચે સરખે ભાગે વહેચી આપવા તજવીજ કરતાં તેમના બીજા પત્ની કે જેઓ આંગળીયાત સાથે આવેલ તેઓનો વાંધા સામે મજબુર થઇ હુરાજીએ સદર દાવાવાળી જમીનના બે સરખા હિસ્સા કરી કરી દાવાવાળી જમીન પૈકીની પુર્વ તરફની જમીન વાદીઓના દાદા દાનાજીના હીસ્સામાં સ્થળે આપેલ અને પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા અને પ્રતિવાદી નં.૨ અને ૩ ને સ્થળે આપેલ, પરંતુ પક્ષકારોના વડવાઓ સંયુકત કુટુંબમાં રહેતા હોઇ વાદીઓના દાદા દાનાજી મોટા હોવાના કારણે સંયુકત કુટુંબનો વહીવટ કરતા હોઇ દાનાજી પછી તેમના મોટા દિકરા કલાજીએ સંયુકત કુટુંબનો વહીવટ સંભાળેલ અને સરકારશ્રીએ ખેતીની જમીનો જુના કબજેદારોને કબજાના આધારે જમીન માલીકી હકકે ખાતે કરી આપવાનો નિર્ણય કરતા તેમના સંયુકત કુટુંબનો વહીવટ કરતા કલાજીને દાવાવાળી સરવે નં.૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરાવેલ અને તે રીતે સદર દાવાવાળી જમીનના રેકર્ડમાં કલાજી અને ત્યારબાદ વાદીઓના નામ ચાલતા હોવાની હકીકત જણાઇ આવે છે. આ કામે ઉભયપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો હાલમાં દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામ માલીક અને કબજેદાર તરીકે ચાલી રહેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે પરંતુ આ કામે સદર દાવાવાળી જમીન વાદીઓના દાદા કલાજી દાનાજીને તારીખ ૧૦.૧૨.૧૯૬૬ માં ફાળવવામાં આવેલ હોવા બાબતની નોંધ રજુ થયેલ છે અને ત્યારબાદ કલાજીના અવસાન બાદ તેમની વારસાઇ નોંધ પણ પડેલ છે અને વાદીઓના નામ દાખલ થયેલ છે.

૧૮. આ કામે સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડને જોવામાં આવે તો અગાઉ સદર દાવાવાળી જમીન સરકારી પડતર ફોરેસ્ટ હોવાનું જણાઇ આવે છે અને સને ૧૯૫૦ થી સને ૧૯૬૦ સુધી સદર જમીન ફોરેસ્ટના નામે ચાલી રહેલ અને ત્યારબાદ સને ૧૯૬૧ થી કલાજી દાનાજીનું નામ દાખલ થયેલ હોવાનું જણાઇ આવે છે પરંતુ ત્યારબાદ સને ૧૯૭૨ થી સને ૨૦૦૪-૨૦૦૫ સુધી

સદર દાવાવાળી જમીન વાદીઓ તેમ જ પ્રતિવાદીઓ બંનેના સંયુકત નામે હોવાનું રેવન્યુ રેકર્ડ ઉપરથી જણાઇ આવે છે. આ કામે સદર દાવાવાળી જમીન વાદીઓના દાદા કલાજી દાનાજીને ફાળવવામાં આવેલ હોય તેવો કોઇ હુકમ કોઇ પક્ષકાર તરફે રજુ થયેલ નથી તેમ જ વાદીઓએ સદર દાવાવાળી જમીન તેમના દાદા કલાજીની સ્વપાર્જીત મિલકત હોવાની હકીકત જણાવેલ છે તે બાબતે પણ કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સદર દાવાવાળી જમીનમાં બંને પક્ષકારોના નામ દાખલ થયેલ હોવાની અને તે નામો સને ૧૯૭૨ ની સાલ થી દાખલ થયેલ હોવાનું જણાઇ આવે છે અને ત્યારબાદ આશરે ૩૨ વર્ષ પછી પ્રતિવાદીઓના નામ સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાંથી નીકળી ગયેલ હોવાનું જણાય છે. આ કામે વાદીઓએ પ્રતિવાદીઓના નામ સદર દાવાવાળી જમીનમાં કેવી રીતે દાખલ થયેલ અને કેવી રીતે નીકળી ગયેલ છે તે બાબતે કોઇ ખુલાસો કરેલ નથી. વધુમાં આ કામે પ્રતિવાદીઓ તરફે આશરે ૪૩ વ્યકિતઓના સોગંદનામા રજુ કરેલ છે તે તમામ સ્વતંત્ર વ્યકિતઓએ સદર દાવાવાળી જમીનમાં મુળ થી પક્ષકારોના વડવાઓ સંયુકત ખેતી કરાવતા હોવાનું જણાવી સદર દાવાવાળી જમીનના બે ભાગ ઉત્તર દક્ષીણના શેઢાથી કરેલ હોવાની હકીકત જણાવી પુર્વ તરફનો ભાગ વાદીઓ અને તેમના કાકાના દિકરાઓ નો અને પશ્ચિમ તરફનો ભાગ પ્રતિવાદીઓનો હોવાનું જણાવી વાદીઓએ પોતાના પુર્વ તરફના ભાગમાં મુખ્ય ત્રણ ઉત્તર દક્ષીણચ દીશાના ભાગ પાડેલ હોવાની અને તેવી જ રીતે પ્રતિવાદીઓએ તેમના પશ્ચિમ તરફના ભાગમાં પણ ત્રણ ભાગ કરી પોત પોતાના હિસ્સામાં ખેતી કરતા હોવાની હકીકત જણાવેલ છે. આમ, આ કામે સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા સને ૧૯૭૨ થી ૨૦૦૪ -૨૦૦૫ સુધી બંને પક્ષકારોના નામ સંયુકત રીતે માલીક અને કબજેદાર તરીકે ચાલી રહેલ અને પ્રતિવાદીઓ તેમના પ્રતિદાવામાં સદર દાવાવાળી જમીનના બે ભાગ વરસો થી પાડેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે હકીકતને સ્વતંત્ર સાહેદોના સોગંદનામાથી પ્રથમ દર્શનીય રીતે સમર્થન મળેલ હોવાનું ફલીત થાય છે.

૧૯. આમ, તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો બંને પક્ષકારો એક જ કુટુંબના સભ્યો હોવાનું જણાઇ આવે છે અને સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હાલમાં વાદીઓના નામ ચાલી રહેલ હોવાનું પણ જણાઇ આવે છે. પરંતુ બંને પક્ષકારો તરફે રજુ થયેલ રેવન્યુ રેકર્ડને જોવામાં આવે તો સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં સને ૧૯૭૨ થી ૨૦૦૪ -૨૦૦૫ સુધી બંને

પક્ષકારોના નામ સંયુકત રીતે માલીક અને કબજેદાર તરીકે ચાલતા હોવાનું જણાઇ આવે છે અને ત્યારબાદ વાદીઓના નામ ચાલી રહેલ છે પરંતુ પ્રતિવાદીઓના નામ કેવી રીતે કમી થયેલ છે તે બાબતનો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ નથી. વધુમાં વાદીઓએ સદર દાવાવાળી જમીન તેમના દાદા કલાજીની સ્વપાર્જીત હોવાની હકીકત જણાવેલ છે અને પ્રતિવાદીઓના વડવા હુરાજી પાસે ફકત બડોદરાની સીમના રેવન્યુ સરવે નં.૬ વાળી જમીન આવેલ હોવાની હકીકત જણાવી પ્રતિવાદીઓ તે જમીન ખેડી વાવતા હોવાનું અને દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઇ હકક હિસ્સો ન હોવાની રજુઆત કરેલ છે પરંતુ વાદીઓ તરફે પણ બડોદરાની સીમના રેવન્યુ સરવે નં.૬ વાળી જમીનના રેવન્યુ રેકર્ડની કોઇ નકલ રજુ કરવામાં આવેલ નથી અને તે બાબતનો કોઇ આધાર પુરાવો પણ વાદીઓ તરફે રજુ થયેલ નથી. આમ, આ કામે સદર દાવાવાળી જમીન વાદીઓના દાદા કલાજીની સ્વપાર્જીત મિલકત છે કે બંને પક્ષકારોની વડીલોપાર્જીત મિલકત છે તે પુરાવાનો વિષય છે. વધુમાં સદર દાવાવાળી જમીન આ કામના વાદીઓ સંયુકત રીતે સ્થળ ઉપર ઉત્તર દક્ષીણ તરફના પાંચ સરખા ભાગ શેઢા પાડી અલગ અલગ પોત પોતાના ભાગલાઓમાં વાદીઓ ખેતી કરતા હોવાનું જણાવેલ છે, પરંતુ કોર્ટ કમીશનર શ્રીના પંચનામા અને નકશા ઉપરથી સદર જમીનમાં પશ્ચિમથી પૂર્વ તરફ જતા પ્રથમ ભાગમાં કોઈ વાવેતર કરેલ નથી. ત્યારબાદ બીજા ભાગમાં પણ કોઈ વાવેતર કરેલ નથી. ત્રીજા ભાગમાં સુંઢીયાનુ વાવેતર કરેલ છે, ચોથા ભાગમાં કપાસનુ વાવેતર કરેલ છે, અને પાંચમા ભાગમાં અડદનુ વાવેતર કરેલ છે અને છઠ્ઠા ભાગમાં સુંઢીયાનુ વાવેતર કરેલ છે." આ કામે નિ. ૧૧/૩ નો નકશો જોતાં છ ભાગમાં ખેતરો હોવાનુ દરેક ખેતરોમાં શું વાવેતર કરેલ છે તે પણ જણાવેલ છે. આમ, સદર દાવાવાળી જમીનમાં કુલ પાંચ ભાગ પાડવામાં આવેલ છે કે કુલ છ ભાગ પાડેલ છે તે પણ પુરાવાનો વિષય છે.

૨૦. વધુમાં પ્રતિવાદીઓ પણ એવા કેસ સાથે આવેલ છે કે જે તે સમયે તેમના વડવા હુરાજીએ તેમના ચાર દિકરાઓના ચાર સરખા હિસ્સા કરવાને બદલે મજબુરીમાં દાવાવાળી જમીનના બે સરખા હિસ્સા કરી દાવાવાળી જમીન પૈકીની પુર્વ તરફની જમીન વાદીઓના દાદા દાનાજીના હિસ્સામાં સ્થળે આપેલ અને પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા અને પ્રતિવાદી નં.૨ અને ૩ ને સ્થળે આપેલ, પરંતુ પચકારોના વડવાઓ સંયુકત કુટુંબમાં રહેતા હોઇ અને તે વખતે

વાદીઓના દાદા દાનાજી મોટા હોવાના કારણે સંયુકત કુટુંબનો વહીવટ કરતા અને દાનાજી પછી તેમના મોટા દિકરા કલાજી કુટુંબનો વહીવટ સંભાળતા અને સંયુકત કુટુંબનો વહીવટ કરતા કલાજીને સદર દાવાવાળી જમીન મળેલ પરંતુ સ્થળ ઉપર પક્ષકારો જ ખેડતા હોવાનું જણાવેલ છે અને વધુમાં પ્રતિવાદીઓએ એવી હકીકત જણાવી પ્રતિદાવો કરેલ છે કે સદર દાવાવાળી જમીન અડધી અડધી એટલે કે વાદીઓની પુર્વ તરફની સદરહુ સરવે નંબરની અડધી જમીન તથા પ્રતિવાદીઓની પશ્ચિમ તરફના ભાગની સદરહુ સરવે નંબરની અડધી જમીન એમ સ્થળે ભાગલા પાડીને વર્ષોથી તેમના વડવાઓના વખતથી વાવેતર કરી ખેડી વાવી ઉપજ મેળવે છે અને સદર ભાગલા સ્થળે આવેલ ઉત્તર દક્ષીણ શેઢાથી જુદા પડે છે અને પુર્વના વાદીઓના ભાગમાં ત્રણ મુખ્ય ભાગ તથા તેમાં પેટા ભાગલા પડે છે અને તેવી જ રીતે પ્રતિવાદીઓના પશ્ચિમ તરફના ભાગમાં પ્રતિવાદીઓ ત્રણ ભાગલા કરી ખેતી કરાવી ઉપજ લે છે. આ કામે કોર્ટ કમીશનરશ્રીએ કરેલ પંચનામા અને નકશા ઉપરથી પણ સદર દાવાવાળી જમીનના કુલ છ ભાગ પાડેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે અને તે સંજોગોમાં સદર દાવાવાળી જમીનનો પશ્ચિ તરફનો ભાગ પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં હોવાની હકીકત પ્રતિવાદીઓએ જણાવેલ છે જ્યારે વાદીઓએ સદર આખી દાવાવાળી જમીનનો કબજો ભોગવટો તેમનો હોવાની હકીકત જણાવી હાલનો દાવો કરેલ છે, આમ આ કામે બંને પક્ષકારો સદર દાવાવાળી જમીન ઉપર કબજો હોવાની હકીકત જણાવેલ છે અને હાલના કામે સામસામા દાવો અને પ્રતિદાવો થયેલ છે અને સદર દાવાવાળી જમીન ઉપર હાલમાં કોનો કબજો ભોગવટો આવેલ છે અને કોણ સદર જમીન ખેડી વાવે છે તે પુરાવાનો વિષય છે અને તે સંજોગોમાં, ઉપરોકત વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે રજૂ થયેલ હકીકતો અંગે બંને પક્ષકારોએ યોગ્ય અને સચોટ પુરાવા રજૂ કરી સદર હકીકતો પુરવાર કરવી જોઈએ તેમ મારુ માનવુ છે.

૨૧. આમ, આ કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે સચોટ અને ન્યાયીક પુરાવા રજૂ કરી બંને પક્ષકારોએ પોતપોતાની તે હકીકતો પુરવાર કરવી જોઈએ અને આ હકીકતો એ પુરાવાનો વિષય છે. પરંતુ, સી.પી.સી.તથા સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓ અનુસાર આ કામે બંને પક્ષોની તકરારો ધ્યાને લેતાં, જો હાલના તબકકે સદર દાવાવાળી જમીનની યથાવત પરિસ્થિતી જાળવી રાખવામાં ન આવે તો, ભવિષ્યમાં એક જ વિષય વસ્તુ અંગે વધુ દાવાદુવી ઉભા

થવાની સંભાવના રહેલી છે. તેમજ સ.નં.૨૫૮ માં વાદીઓ તથા પ્રતીવાદીઓનુ હકક, હિત અને હીસ્સો જો સમાયેલો હશે તો તે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી પુરવાર કરી શકે તેમ છે. આથી હાલના તબકકે સ.નં.૨૫૮ ની મિલ્કતનાં હિસ્સા અલગ પાડેલા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોઇ અને વાદીઓના કહેવા મુજબ પાંચ હિસ્સા પાડવામાં આવેલ છે અને તે તમામમાં વાદીઓ અલગ અલગ પોત પોતાના હિસ્સામાં ખેતી કરતા હોવાનું જણાવેલ છે જ્યારે પ્રતિવાદીઓએ સદર દાવાવાળી જમીનમાં કુલ છ હિસ્સા પાડવામાં આવેલ હોવાનું અને તે પૈકી પુર્વ તરફના ત્રણ હિસ્સા વાદીઓના અને પશ્ચિમ તરફના ત્રણ હિસ્સા પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી વાદીઓના દાવા વિરુધ્ધ પ્રતિદાવો દાખલ કરેલ છે અને તેઓએ પણ આંક ૧૮ થી વાદીઓ વિરુધ્ધ સદર દાવાવાળી જમીનના અડધા હિસ્સા માટે વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અરજી દાખલ કરેલ હોવાનું જણાઇ આવે છે અને તે હકીકતો ધ્યાને લેતાં, સદર દાવાવાળી જમીનના કબજામાં ફેરફાર થાય તો સત્ય હકીકત રેકર્ડ ઉપર આવી શકે તેમ ન હોઇ અને વાદીઓના હાલના દાવા તેમ જ પ્રતિવાદીઓએ કરેલ પ્રતિદાવાનો કોઇ અર્થ રહે નહી. આથી, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર બંને પક્ષોની તકરારો ધ્યાને લેતાં, હાલનાં તબકકે સદર દાવાવાળી જમીન અંગે યથાવત પરીસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવો વ્યાજબી જણાય છે. આમ, ઉપરોકત તમામ ચર્ચા તથા વાદીઓ તથા પ્રતિવાદીઓનાં તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, તેમજ ઉપરોકત કરેલ ચર્ચાની હકીકતો ધ્યાને લેતાં વાદી તથા પ્રતિવાદીઓએ પુરાવા સમયે પોત પોતાના પુરાવાથી પુરવાર કરવી જોઈએ. આથી, સી. પી. સી. તથા સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં,મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ અંશતઃ હકારમાં આપી, મુદ્દા નંબર–૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: <u>આ ખ રી હુ ક મ</u> : –

(૧) વાદીઓની આંક–૫ ની તથા પ્રતિવાદીઓની આંક:૧૮ ની વચગાળાનો મનાઈહુકમ મેળવવાની અરજીઓ આથી " અંશતઃ મંજુર" કરવામાં આવે છે.

(૨) આ કામના વાદીઓએ તથા આ કામના પ્રતિવાદીઓએ દાવા અરજીના પેરા–૨ માં જણાવેલ મોજે બડોદરા, તા.મોડાસા,જી.અરવલ્લી ના બ્લોક/સર્વે નં.૨૦૯ જેનો નવો સ.નં. ૨૫૮ ખાતા નં. ૧૯૬ વાળી જમીન અંગે બંને પક્ષોએ દાવાનો આખરી નિકાલ થતાં સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર હુકમની એક નકલ આંક ૧૮ ની અરજી સાથે સામેલ રાખવી.

(૪) આ કામે બંને પક્ષકારોની તકરારો ધ્યાને લેતાં, બંને પક્ષોએ તાત્કાલીક પુરાવો રજુ કરી દાવાની ટ્રાયલ ઝડપી ચલાવવામાં સહકાર આપવો.

(૫) બંને અરજીઓનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આજ રોજ તારીખ. ૨૧ મી જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૨૧/૦૧/૨૦૨૦

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ
મોડાસા, જી. અરવલ્લી
**Judge Code : GJ00572**